श्री

सत्यं वद । धर्मंचर ॥ ડાભ
यतो धर्म स्ततो जयः ॥

...લવાડા પરિષદના સભ્યો, જ્ઞાતિબંધુઓ અને ગ્રહસ્થો,

અત્રેના પાટેક રા. નરોતમ હરિનારાયણનું આમંત્રણ સ્વીકારી આપ સર્વે અત્રે પધાર્યા તે માટે ત મંડળ તરફથી હું આપને અતિ હર્ષ પૂર્વક આવકાર આપું છું. ઉન્હાળાના સખત તાપની મોસમ શ્રમ લઇ આપ અત્રે પધાર્યા તેથી હમને સર્વને ઘણો આનંદ થયો છે અને હમે આપનો આભાર માનીએ છીએ. હમારી શકિત અનુસાર આપનું આતિથ્ય હમે ઉત્સાહ પૂર્વક કરશું. પણ આપની સગવડ સાચવવામાં કંઇ ન્યુનતા જણાય તો તે દરગુજર કરશો.

પરિષદની સ્થાપના સંવત ૧૯૬૭ના વર્ષમાં થઈ હતી. પરિષદની છેલ્લી બેઠક સંવત ૧૯૬૯માં બલેશ્વર ગામે થઇ હતી. ચોથું સંમેલન બીજે વર્ષે પલસાણા ગામે મળવાનું નક્કી કર્યું હતું, પણ જ્ઞાતિમાં તે સાલમાં મ્હોટો કલેશ ઉત્પન્ન થયો અને જ્ઞાતિમાં તડ પડયાં. તે કારણથી પરિષદનું મળવાનું બંધ પડયું હતું. પણ અગ્રેસરોની શુભેચ્છાથી અને જ્ઞાતિનો કલહ દૂર કરવાનો પ્રયત્ન કરવા સારૂ બંધ પડેલું પરિષદ ચોથી વાર બારડોલી ગામે મેળવવાનું ઠરાવ્યા માટે પરિષદના અગ્રેસરોને ધન્યવાદ ઘટે છે.

પાછળના પરિષદોનાં કાર્ય તપાસતા જણાય છે કે પરિષદના ત્રણ મુખ્ય ઉદ્દેશ છે–(૧) જ્ઞાતિ બંધુઓમાં પરસ્પર પ્રીતિ વધારી ઐકયતા કરવી; (૨) જ્ઞાતિમાં કેળવણીની વૃદ્ધિ કરવી; અને (૩) શાસ્ત્ર વિરૂદ્ધ [illegible] નાશ કરી અમર્યાદિત સાંસારીક [illegible] એ ઉદ્દેશ ખાસ સ્તુતિ પાત્ર છે. એમ હોવાથી જ્ઞાતિમાં ચાલતા વિગ્રહ મટાડવાના [illegible] હોઇ શકે નહિ.

એ સંબંધમાં કોઇને શંકા થાય કે જ્ઞાતિ ટંટો મટાડવાનું કામ આખી જ્ઞાતિનું છે. પરિષદ જે જ્ઞાતિનો એક નાનો ભાગ છે તેણે એ કામમાં શા માટે પડવું જોઇએ ? તો તેનું સમાધાન એ છે કે જ્ઞાતિના એવા ટંટા મટાડવા એ જ્ઞાતિના ડાહ્યા, સમજુ, દીર્ઘદૃષ્ટિવાળા અને ન્યાયી બુદ્ધિના અગ્રેસરોનું અવશ્ય કર્તવ્ય છે. એવા અગ્રેસરો પોતનો પ્રયત્ન કરી ચુકયા છે, પણ તેનું કંઇ પરિણામ આવ્યું નથી. પ્રથમ બારડોલીએ એવો પ્રયત્ન કર્યો. સંવત ૧૯૭૧માં જ્ઞાતિ મેળાવડો તકરારની સફાઇ કરવા માટે અત્રે કરવા ઠરાવી બારે ગામ પત્રી મોકલાઇ હતી, પણ જ્ઞાતિ બંધુઓએ અત્રે ભેગા થવા ના પાડી. ત્યાર પછી માંડવીથી પણ એવો પ્રયત્ન થયાનું સાંભળ્યું હતું, પણ અન્ય સ્થળોથી ઉત્તેજન નહિ મળવાથી તે વિચાર બંધ પડયો હતો. ગયે સાલ વાંસદાના જ્ઞાતિ હિતચિંતકોએ પોતાને ગામે મેળાવડો કરવાનું ઠરાવી બધે ગામે પત્રીઓ મોકલી હતી. પણ ત્યાં પણ અઘટિત હઠથી જ્ઞાતિ ભેગી થઇ શકી નથી. ગ્રહસ્થો પોતાને ખરચે જ્ઞાતિ મંડળ બોલાવવા ઇચ્છે અને જ્ઞાતિ તકરારનો નિર્ણય લાવવા પ્રયત્ન કરે, છતાં જ્ઞાતિ ભેગી થવા ના પાડે તો જ્ઞાતિની સ્થિતિ કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ ઝટ થઇ શકે એમ છે. એમ થવાનું કારણ એ છે કે બ્યારામાં થયલા ઠરાવ પ્રમાણે જ્ઞાતિ ભેગી કરવાનું કામ એક વ્યકિતને સોંપાયલું છે. વ્યકિતસ્વાતંત્ર્ય કેટલેક પ્રસંગે જરૂરનું છે. તે સ્વતંત્રતાનો ઉપયોગ જ્ઞાતિના હિત માટે કરી શકે એવી વ્યકિત હોવી જોઇએ. સ્વાર્થસાધુ અને [illegible] વ્યકિતને સ્વતંત્રતા આપવી યોગ્ય નથી. એવી વ્યકિતને અમર્યાદિત સ્વતંત્રતા મળવાથી સ્વછંદતાને [illegible] મળે છે. જ્ઞાતિની પરિસ્થિતિ એ પ્રમાણે હોવાથી પરિષદે પોતાના ઉદ્દેશ પ્રમાણે જ્ઞાતિમાં ઐકય કરાવવા [illegible] લીધું અને આ મેળાવડો કરાવ્યો તે સર્વથી યોગ્ય અને ડહાપણ ભરેલું પગલું છે.

જ્ઞાતિમાં જે કલહ ચાલે છે તે કેવી રીતે ઉત્પન્ન થયો, તે સંબંધીની સંપૂર્ણ હકીકત સર્વના [illegible] માં છે. તેથી તે સંબંધી વિસ્તાર કરી સભાનો સમય રોકવા હું ઇચ્છતો નથી. પણ નિચેની બાબતો [illegible] માં લેવામાં આવશે તો સત્ય ઝટ સમજાશે.

સુરતની આપણી જ્ઞાતિમાંથી બહિષ્કૃત થયલા એક કુટુંબની કન્યા બારડોલીનો રહીશ જોશી પ્રાણશંકર રતનાથજી પરણ્યો હતો અને પોતાના સસરાને ત્યાંજ રહ્યો હતો. તેને ચાર કન્યા થઇ હતી. તે પરણવા યોગ્ય થવાથી જ્ઞાતિમાં દાખલ થવા પ્રાણશંકરે પ્રયત્ન કર્યો.

સંવત ૧૯૬૬માં બારડોલી મુકામે વ્યાસ માધવરામ હરિનારાયણે બારે ગામની જ્ઞાતિનો મેળવડો કર્યો હતો. તેમાં પ્રાણશંકર મચકુરે જ્ઞાતિમાં દાખલ થવા ઘણી નમ્રતા પૂર્વક જ્ઞાતિને વિનંતિ કરી. તે પરથી જ્ઞાતિની સભાએ ઠરાવ કર્યો કે બારડોલીના અશેષે શાસ્ત્રનો નિર્ણય કરાવવો અને શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત અપાતું હોય તો તે સંબંધી જ્ઞાતિને જણાવવું.

બારડોલીના અશેષે પ્રથમ સુરતની આપણી જ્ઞાતિના ત્રણ પક્ષના પટેલોને પત્ર લખી પુછ્યું કે પ્રાણશંકરના સસરાના કુટુંબને કેવા કારણથી જ્ઞાતિ બહાર મૂકવામાં આવ્યું હતું અને પ્રાણશંકરને જ્ઞાતિમાં લેવામાં શો બાધ છે? સુરત શેહેરના ત્રણ પક્ષના ત્રણ પટેલોની સહીના પત્રમાં ઉત્તર મળ્યો કે કુંભારીઆવાળા ભટ રતનરામ લગ્ન કરેલા તેજ દિવસથી ન્યાત બહાર છે. બીજો કશો આરોપ ન હતો. એ કામમાં હાલ તમને યોગ્ય લાગે તેમ કરશો તો હમારા તરફની હરકત નથી.

એટલામાં પ્રાણશંકરે જગતગુરૂ શ્રી શંકરાચાર્ય માહારાજ તથા વડોદરાના શાસ્ત્રી મંડળે પ્રાણશંકરની સ્ત્રીની બે બેહેનોના સંબંધમાં કરેલા ઠરાવની નકલ બારડોલીના અશેષને બતાવી. તે પરથી માલમ પડ્યું કે પ્રાણશંકરની સ્ત્રીની બે બેહેનો તથા તેમના ધણીએ શ્રી શંકરાચાર્ય મહારાજ માધવતીર્થને વિનંતી કરી કે હમારી હકીકત તપાસી શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત આપી હમને પાવન કરો. શંકરાચાર્ય મહારાજ એવી અરજીઓનો નિકાળ પોતાની ધર્મ કોર્ટમાં સરકારી કોર્ટમાં ચાલતી પધ્ધતિ માફક કામ ચલાવી કરતા હતા. તે પ્રમાણે તેમણે સંબંધ રાખતા સર્વેને નોટીશ આપી પોતાના પુરાવા રજુ કરવા જણાવ્યું. બંને પક્ષ તરફથી રજુ થયલા પુરાવા તપાસી મહારાજે ફેસલો આપ્યો કે તકરારી મૂળ કન્યા ગુલાબ જે કુંભારીઆવાળા કુટુંબના મૂળ પુરૂષ દીનાનાથ સાથે પરણી હતી તે બ્રાહ્મણની પુત્રી હતી. તેને પુત્રીનો વંશ ચાલ્યો. તે પુત્રીઓ શુધ્ધ બ્રાહ્મણનેજ પરણાવી હતી. તેની પાંચમી પેઢીની તકરારી બાઇઓ છે. કામનું સ્વરૂપ જોતાં તે લોકોએ જ્ઞાતિ ભ્રંશકર કૃત્ય કર્યાનું માલમ પડી આવતું નથી, છતાં તે બહિષ્કૃત છે તે દીલગીરી થવા જેવું છે. તેમને પ્રાયશ્ચિત આપી પાવન કરવામાં બાધ નથી.

ત્યાર પછી મહારાજે વડોદરાના શાસ્ત્રીઓની પરિષદ બોલાવી તેમની પાસે પ્રાયશ્ચિતનો નિર્ણય કરાવ્યો. તે પ્રમાણે તે બે બાઇઓને પ્રાયશ્ચિત આપી પાવન કરવામાં આવી.

એ બે બાઇઓને તથા તેમના સ્વામીઓને નાદોદ પ્રગણાના રાજવાડા ખેરવાડાના સમૂહે જ્ઞાતિમાં દાખલ કર્યા. તે બાબતનો દાખલો ત્યાંના અગ્રેસરોની સહીનો પ્રાણશંકરે રજુ કર્યો હતો.

ઉપર પ્રમાણે પ્રાણશંકરની સ્ત્રીની બે બેહેનો તથા તેમના ધણીને માટે નિર્ણય થયો છે. તેજ નિર્ણય પ્રાણશંકરની સ્ત્રીને પણ લાગુ પડે છે. તેથી તે તથા પ્રાણશંકરની પુત્રીઓને શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત આપી જ્ઞાતિમાં દાખલ કરી શકાય છે, એવો બારડોલીના અશેષનો અભિપ્રાય થવાથી તે બાબતની સૂચના સંવત ૧૯૬૬માં થયલા ઠરાવ પ્રમાણે અગીયાર ગામે પત્ર લખી આપવામાં આવી અને પ્રાણશંકરના છોકરાંઓને પ્રાયશ્ચિત આપી જ્ઞાતિમાં દાખલ કરવામાં તેમની સંમતિ છે કે કેમ તે પુછવામાં આવ્યું.

તેના ઉત્તરમાં વ્યારાના અશેષનો પત્ર પાઠકજી દુર્લભરામ શિવશંકરની સહીનો ચૈત્ર સુદ ૧૫ સંવત ૧૯૬૯નો મળ્યો. તેમાં તેમણે લખ્યું છે કે "હમારા ગામના અશેષ ભેગા કરી સંમતિ મેળવી છે, એટલે હવે બારે ગામની સંમતિ થઇ ચુકી છે. માટે હવે આગળની તજવીજ શી રીતે કરવી અને કયારે અને કયે સ્થળે ભેગા થવું મુકરર કરી જણાવવા કૃપા કરશો" તે પ્રમાણે ભેગા થવાની મીતિ મુકરર કરી તેમને જણાવવામાં આવ્યું કે બારડોલીમાં ભેગા થવાનું છે.

વાલોડના પત્રમાં લખ્યું છે કે "આપના ગામની જે સંમતિ થાય અને તે ઠરાવને અગીયાર ગામના બાકીની સંમતી થાય તો તે પ્રમાણે હમારી સંમતિ છે," કડોદના અશેષે લખ્યું છે કે પાલવાડાના બધા ગામોની સંમતિને હમો મળતા છીએ. પલસાણાએ લખ્યું કે સંવત ૧૯૬૬ના ઠરાવ પ્રમાણે ધર્મશાસ્ત્ર

કઢાવી શાસ્ત્ર આજ્ઞા થાય તો પત્ર લખશો. વાંસદાએ જણાવ્યું કે પ્રાણશંકરના કુટુંબને જ્ઞાતિમાં પાવન કરવા માટે શાસ્ત્રનો બાધ આવતો ન હોય તથા તમારા ગામના અશેષ સમસ્તને કાંઈ અડચણ ન હોયતો અમારા અશેષ તરફથી કંઇ અડચણ નથી. બળેશ્વરે લખ્યું કે બારે ગામના ભૂદેવો ભેગા થઇ પોતાનો જે મત પ્રદર્શિત કરશે તે જોઇ હમે હમારો મત જાહેર કરશું. મહુવાએ ઉત્તરમાં લખ્યું કે ધર્મ શાસ્ત્રથી છુટ મળતી હોય તો અને બીજા ગામની સંમતિ હોય તો અમારી સમતિ છે. માડવીના અશેષે લખ્યું કે આગલા ઠરાવ પ્રમાણે સદરહુ સખશને આજ્ઞા કરવા હમારો અભિપ્રાય છે. સરભોણના અશેષે ઉત્તર લખ્યો કે ધર્મ શાસ્ત્ર રજા આપે તો હમારી સંમતિ છે. ખરવાસા અને ધરમપુરે પણ તેજ પ્રમાણે સંમતિ દર્શાવી.

ઉપર પ્રમાણે બધા ગામોની સંમતિ થઇ કે શાસ્ત્રની આજ્ઞા હોય તો પ્રાણશંકરના કુટુંબને જ્ઞાતિમાં દાખલ કરવા હરકત નથી. કોઇપણ ગામે વિરૂદ્ધ મત જણાવ્યો નથી કે પ્રાણશંકરને જ્ઞાતિમાં દાખલ કરી શકાય નહિ. એ વાત બહુ અગત્યની ધ્યાનમાં રાખવાની છે.

એ દરમ્યાન સંવત ૧૯૬૯ના ફાગણ વદ ૩ તા. ૨૪ માર્ચ ૧૯૧૩ને રોજ બ્રહ્મ સમાજના મહા મંડળનો આપણી જ્ઞાતિનો ઘણો મ્હોટો ભવ્ય મેળાવડો સુરત મુકામે મળ્યો હતો. ત્યાં આપણા પાલવાડાના વિચારક, બુદ્ધિશાળી, પ્રતિષ્ઠિત પુરૂષોમાંના ઘણા પુરૂષો ભેગા થયા હતા અને જેઓ આ સભામાં પણ હાજર છે તેમનો પણ અભિપ્રાય થયો હતો કે પ્રાણશંકરના કુટુંબને શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત આપી જ્ઞાતિમાં દાખલ કરવા.

એ પ્રમાણે શાસ્ત્રાધારે પ્રાયશ્ચિત આપી જ્ઞાતિમાં દાખલ કરવાના મતને બધી તરફથી ટેકો મળવાથી અને કોઇપણ તરફનો કંઇપણ વાંધો ન જણાયાથી સંવત ૧૯૬૯ના જેઠ શુદ ૫ નો દિવસ પ્રાયશ્ચિત આપવાનો ઠરાવી બધે ગામે બારડોલીના અશેષે પત્ર લખી ખબર આપી અને પ્રતિનિધિઓ મોકલવા વિનંતિ કરી. તે ઉપરથી માંડવી, વાંસદા, ધરમપોર અને સરભોણ એ ગામના પ્રતિનિધિઓ આવ્યા હતા. બીજા ગામના પ્રતિનિધિઓ આવી શકયા ન હતા. પ્રાશ્ચિત આપવા માટે અમદાવાદના સુપ્રસિદ્ધ શાસ્ત્રિ વિષ્ણુરામ જે ત્યાંની પાઠશાળાના મુખ્ય અધ્યાપક તથા કાશીની વ્યાકરણાચાર્યની પરીક્ષામાં પાસ થયલા ઘણા વિદ્વાન શાસ્ત્રી હતા તે પણ આવ્યા હતા. બીજા ગામના પ્રતિનિધિઓ હાજર ન હતા તોપણ ઉપર દર્શાવ્યા પ્રમાણે તે ગામોની સંમતિ મળી ચુકી હતી, એટલુજ નહિ પણ જ્ઞાતિની માંડવીમાં થયલી ધારાબંધી પ્રમાણે પણ ગેરહાજર રહેલા ગામોની સંમતી સમજી લેવાનું કહેલું છે, તે કારણથી સર્વ ગામની સંમતિ છે એમ શુદ્ધ બુદ્ધિથી માની પ્રાયશ્ચિતનું કાર્ય શાસ્ત્રી વિષ્નુરામ સમક્ષ કરાવી પ્રાણશંકરના કુટુંબને પાવન કરવામાં આવ્યું છે.

આ ઠેકાણે જણાવવું જોઇએ કે સંવત ૧૯૬૯ના જેઠ સુદ ૫ સોમવારે સવારે સભામાં ઉપર પ્રમણેનો પ્રાયશ્ચિતનો ઠરાવ થયા પછી ટપાલમાં એક કાર્ડ મળ્યો હતો. તે કાર્ડ વ્યારાના પાઠકજી દુર્લભરામ તથા અશેષ સમસ્તના નામથી બારડોલીના અશેષ સમસ્તના નામનો લખાયલો છે. તે ઉપર પાઠકની સહી નથી. તેમાં લખ્યું છે કે હમારા તરફ કેટલાક ગામ તરફથી ખબર તેમ પત્ર પણ આવ્યા છે. તેમાં હમારો મત નથી એમ લખે છે. એટલે બારે ગામની સંમતિ થયલી હોય એમ લાગતું નથી. માટે બારે ગામની સંમતિ થ[illegible] સિવાય એકત્ર થવું એ બરાબર નથી. તેથી પ્રતિનિધિ મોકલ્યા નથી. પણ પાઠકની તથા બધા ગામની સંમ[illegible] બારડોલીને ઉપર દર્શાવ્યા પ્રમાણે મળેલી હોવાથી એ કાર્ડ નનામો કોઇ દ્વેષીએ ધર્મકાર્યમાં વિઘ્ન નાંખવા[illegible] વિચારથી લખેલો હોવો જોઇએ એમ માની તે દફતરે રાખ્યો હતો.

પ્રાણશંકરના છોકરાંઓને પ્રાયશ્ચિત આપી પંક્તિપાવન કરવાની હકીકતની ખબર બધે ગામે [illegible] લખી આપવામાં આવી, તે પરથી વ્યારાના અશેષનો પત્ર જેઠ સુદ ૧૪ નો પાઠકજી દુર્લભરામ શિવશ[illegible]ની સહીનો આવ્યો. તેમાં તેઓએ લખ્યું છે કે બારડોલીનો ઠરાવ બાર ગામ એકત્ર થઇ થયલો નથી, [illegible] એ ઠરાવ સર્વ માન્ય નથી. જો કે અમારા ગામની પ્રથમથીજ સંમતિ તમને જણાવી નથી એટલે બારે [illegible]મની ઐકયતા થયલી ગણાયજ નહિ. આ કાગળ લખવામાં પાઠકજીએ કેવી મ્હોટી ભૂલ ખાધી છે અને [illegible] ચૈત્ર શુદ ૧૫ નો પત્ર બારડોલીના અશેષને લખ્યાનું ઉપર જણાવેલું છે તેનું કેટલું વિસ્મરણ તેમને થયું [illegible] ઝટ જોવામાં આવશે. કોઇ ગામની સંમતિ ન હોય તોપણ તે સંબંધી વિચાર સભામાં ભેગા થ[illegible]કીકત

તપાસી કરવો જોઇએ. બારે ગામ એકત્ર કરવા માટે બારડોલીથી પત્રી લખાઇ હતી. વ્યારાના પ્રતિનિધીઓ બારડોલી આવ્યા નહિ. સભામાં આવી તેમણે પોતાની હરકત તથા બીજા ગામના વાંધા જણાવવા હતા. તે સરલ અને સીધો માર્ગ ન લેતાં પાછળથી વાંધો કહાડવો કે એકત્ર થઇ ઠરાવ થયલો નથી તે યોગ્ય કહેવાય કહિ.

વ્યારાના અશોષે બારડોલી પત્ર લખ્યો, એટલુંજ નહિ પણ બધે ગામે પત્ર લખી જણાવ્યું કે પાવન કરવાના કામમાં વ્યારાની સંમતિ હતી નહિ, તેમ બારે ગામના પ્રતિનિઓ પણ હાજર હતા નહિ અને કન્યાને પાવન કરી છે તે વાસ્તવિક નથી. તે સાથે પત્રમાં તેમણે એમ પણ બધે ગામે ખબર આપી કે બારડોલી સાથે સપંક્તિ વ્યવહાર બંધ કર્યો છે. એ ઠરાવ બારે ગામના પ્રતિનિધિઓની સંમતિ ક્યારે મેળવી ક્યાં એકત્ર થઇ કર્યો હતો તે પણજોવાનું છે. વ્યારાના પત્રના જવાબમાં બારડોલીથી તેમને ભાદરવા સુદ ૧૫ ના પત્રમાં લખવામાં આવ્યું કે તમારા તથા બીજા ગામના લેખી અભિપ્રાય પ્રમાણે તથા જગતગુરૂ શ્રીશંકરાચાર્ય મહારાજના તથા શાસ્ત્રીઓની પરીષદના ઠરાવ પ્રમાણે પ્રાયશ્ચિત વિધાન કરવામાં આવ્યું છે અને તે ઠરાવની નકલ પણ તેમને મોકલી જણાવ્યું કે એ ઠરાવ શાસ્ત્ર વિરૂધ્ધ ખોટો છે એમ ઠરે નહિ ત્યાં સુધી તે માન્ય રાખવો જોઇએ.

તેમ છતાં તેમણે બારે ગામ વ્યારા મુકામે ભેગા કરી નિર્ણય કરાવવા ઠરાવ્યું અને તે બાબતની પત્રી આશ્વિન સુદ ૨ ની અત્રે લખી ખબર આપી કે આશ્વિન વદ ૪ ને રોજ મેળાવડામાં પ્રતિનિધીઓ મોકલવા. એ પત્રી લખવામાં પણ મ્હોટી ઉદારવૃત્તિ વપરાયલી છે, કેમકે બીજા બધા ગામોને બે દિવસ આગળથી તેડયા હતા પણ બારડોલીને બે દિવસ મોડા જવાનું આમંત્રણ હતું.

બારડોલીના અશોષે અશ્વિન સુદ ૯ નો પત્ર વ્યારાના અશોષને લખી જણાવ્યું કે ચાલુ તકરાર બારડોલી ગામની છે, તેનો નિર્ણય જ્ઞાતિ શીરસ્તા પ્રમાણે બારડોલીમાંજ થવો જોઇએ. તે વ્યારા મુકામે થઇ શકે નહિ. અત્રેનો નિર્ણય ફરી તપાસવાની બારે ગામની ઇચ્છા હશે તો તેમના મનના સમાધાન માટે ફરી બારડોલી જ્ઞાતિ મેળાવડો કરવામાં આવશે, માટે વ્યારાના મેળાવડામાં બારડોલી સામેલ થઇ શકશે નહિ.

વ્યારાના અશોષે પેહેલાં લખેલું કે બધા ગામની સંમતિ થયલી નહિ તેથી ઠરાવ માન્ય થાય નહિ. તે પરથી કયા કયા ગામવાળાએ બારે વિરૂદ્ધ અભિપ્રાય જણાવ્યો હતો તે જાણવા માટે તે ગામના પત્રોની નકલ વ્યારા પાસે માગવામાં આવી પણ તે નકલ આપવાનું તેમણે દુરસ્ત વિચાર્યું નહતું.

વ્યારામાં જ્ઞાતિ મેળાવડામાં એક તરફી ઠરાવ થયો કે પાઠકજી જે ગામ નકકી કરે તે ગામે બારડોલીએ પોતાના ખરચે અગીયાર ગામ ભેગા કરી નિર્ણય કરાવવો. તેમ થાય ત્યાં સુધી બારડોલી સાથેનો સપંક્તિ ભોજન વ્યવહાર બંધ છે. એ ઠરાવ શાસ્ત્ર વિરૂધ્ધ, શંકરાચાર્ય મહારાજના ઠરાવ વિરૂધ્ધ અને જ્ઞાતિ શીરસ્તા વિરૂધ્ધ છે એમ ગણી બારડોલીના અશોષે તે માન્ય રાખવા ના પાડી છે. એ ઠરાવમાં કન્યા આપલેનો વ્યવહાર તથા ખાનગીમાં જમવા ખાવાનો વ્યવહાર તથા વહુ દીકરીને સાસરે પીયર જવાનો વ્યવહાર બંધ કરવામાં આવ્યો નથી તે મ્હોટું ડહાપણનું કામ છે. તેમ થવાથી કન્યા આપલેનો વ્યવહાર, ઘરમાં ખાનગીમાં જમવા ખાવાનો વ્યવહાર અને શુભાશુભ પ્રસંગે સગાંવ્હાલાંને ત્યાં જવા આવવાનો વ્યવહાર ચાલુ છે, તેથી એક વટની ખાતર જાહેર પંક્તિમાં બેસી ભોજન કરવું નહિ એમ મનાયલું છે. એમ થવાથી જો કંઇ હરકત નડતી હોય તો તે એકલા બારડોલીને નહિજ પણ ઠરાવ કરનારા અગીઆર ગામોને પણ તેટલીજ હરકત અને અવઘડ . એવો વટ પાળવામાં જ્ઞાતિનું કયું હિત સચવાય છે અને શો લાભ થાય છે તે વિચારવંત પુરૂષો સહેજે ણી શકે છે. એવા વટથી જ્ઞાતિમાં કુસંપ દાખલ થયો છે, સમાધાની અને સંપથી થતા સુધારાના કાર્યો ૂકી પડયાં છે, પરિષદના મેળાવડા થતા બંધ પડયા છે અને જ્ઞાતિની ઉન્નતિ થવાને બદલે જ્ઞાતિ સદ્‌વિચારે પાછળ પડી છે. એવી સ્થિતિમાંથી પાલવાડાને કહાડવાને આપણી જ્ઞાતિ હજુ સુધી જાગૃત થઇ નથી અ ત્રણ ત્રણ વર્ષ થયાં અવઘડ ભોગવે છે તે બહુ દીલગીરીની વાત છે. એથી જ્ઞાતિનું ખોટું વગોણું થાય છે.

એવા વટ અને અન્યાઇ ઠરાવોને લીધેજ જ્ઞાતિઓના વિભાગ થતા જોવામાં આવે છે. પાલવાડાના બાગામના જથામાં તેર અને તેથી પણ વધારે સંખ્યા કરવાના પ્રયત્ન નહિ કરતાં બારના અગીયાર ગામ કરીથી સંકોચિત કરવાના વિચાર આ કેળવણીના જમાનામાં શોભતા નથી. એ બધા કારણોને લીધે

સત્ય શું છે તે તપાસી તકરારનો છેડો લાવવાના હેતુથી પરિષદે બારડોલીમાં મળવાનો ઠરાવ કર્યો તે પગલું સર્વ રીતે આવકાર દાયક છે.

શદરહુ પ્રાણશંકર અને તેની સ્ત્રી એ બંને ગુજરી ગયાં છે. તેમની ચાર પુત્રી અને એક બાળક પુત્ર છે. બારડોલીમાં ઠરાવ થયો તે વખતેજ તેમાંની ત્રણ પુત્રીનો કન્યા કાળ જતો હતો તેથી ઠરાવ થયો બે માસમાંજ ત્રણ પુત્રીના લગ્ન થયાં હતા. તેમાંની બેને પ્રજા પણ થઇ છે. માબાપ વિનાની એ દુર્ભાગ્ય અને નિરપરાધી ચાર બાળાઓ જેઓ શુદ્ધ બ્રાહ્મણની કન્યા છે તેમને જો શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત આપી પાવન કરવામાં ન આવી હોતતો તેમની કેવી અધોગતિ થાત તેનો વિચાર કરશો. શાસ્ત્રની આજ્ઞા ન માનવી એ મ્હોટામાં મ્હોટું પાપ છે. તે પાપ માટે આખી જ્ઞાતિ જવાબદાર થાત. કસાઇના હાથમાંથી ગાયો છોડાવવાનું જેટલું પુન્ય છે તેટલું પુન્ય એ બાળાઓને પંક્તિપાવન કરવાનું છે. એ પુણ્ય પ્રાપ્ત કરવા માટે બારડોલીના અશેષને જ્ઞાતિએ ધન્યવાદ આપવો જોપએ અને બારડોલીનો ઠરાવ માન્ય રાખી તે પુણ્યમાં ભાગીદાર થવું એ સારૂં કે શાસ્ત્રની અને ગુરૂની આજ્ઞા નહિ માની એક નિષ્પ્રયોજન, દુઃખકર્તા, ફોકટના વટની ખાતર મ્હોટું પાપ વ્હોરી લેવું તે સારૂં તે વિચાર આ સમુહે કરવાનો છે.

ઉપરની હકીકતથી સમજાશે કે એ સંબંધમાં બારડોલીની નિચે પ્રમાણે ટુંકાણમાં તકરાર છે.

૧ શ્રીશંકરાચાર્ય મહારાજના ઠરાવ, અને વડોદરાના વિદ્વાન શાસ્ત્રીમંડળે આપેલા પ્રાયશ્ચિતના ઠરાવ પ્રમાણે પ્રાણશંકરના છોકરાંઓને બારડોલીના અશેષ પંક્તિપાવન કર્યા છે તે ઠરાવ જ્ઞાતિએ માન્ય રાખવો જોઇએ. એ ઠરાવ ખોટો શાસ્ત્રવિરૂધ્ધ છે એમ વિરૂદ્ધ પક્ષ બતાવી શકયો નથી. ઠરાવની ખાત્રી માટે વ્યારાના અશેષે શાસ્ત્રી વિશ્નુરામને કેટલાક પ્રશ્ન પત્ર લખી પુછ્યા અને વ્યારાના મેળાવડા વખતે બોલાવીએ તો આવશો કે કેમ એમ પણ તેમને પુછ્યું. શાસ્ત્રીએ તેમને થયલા શાસ્ત્રાર્થ માટે ખાત્રી આપેલી અને વ્યારે જવા હા પાડેલી પણ પછી વ્યારાની સભા વખતે તેમને બોલાવવાની વ્યારાની હીમત ચાલેલી નહિ એમ શાસ્ત્રીના અત્રે આવેલા પત્રથી જણાય છે. હાલમાં કાશીથી એ સંબંધમાં નિર્ણય આવ્યો છે તે પણ આજના આવેલ શાસ્ત્રાર્થને ટેકો આપે છે. શાસ્ત્રની બાબતનો નિર્ણય શાસ્ત્રના આધાર પ્રમાણેજ થઇ શકે અને તેજ શુદ્ધ ન્યાય કહેવાય. તેમાં વટ જેવી નજીવી બાબત લાવી શકાય નહિ. તેમ કર્યાથીજ કલેશ ઉત્પન્ન થયો.

૨ બારડોલીમાં ઉત્પન્ન થયલી બાબતનો નિર્ણય કરવાનો સંપુર્ણ અધિકાર બારડોલીના અશેષ તથા વ્યાસજીને જ્ઞાતિની ધારા બંધી પ્રમાણે છે. તે બાબત જ્ઞાતિ વાંધો લઇ શકે નહિ. તકરારી બાબતમાં વિશેષ હકીકત તો એ છે કે બારડોલીના અશેષે વિરૂધ્ધ પક્ષના બધા ગામોની લીખીત સંમતિ મેળવીને નિર્ણય કર્યો છે. તે જ્ઞાતિએ માન્ય રાખવો જોઇએ. જુઓ વ્યારાની ધારા બંધીની કલમ ૨૭.

૩ બારડોલીમાં ઉત્પન્ન થયલી બાબતનો નિર્ણય ધારા બંધી પ્રમાણે બારડોલી ગામમાંજ થવો જોઇએ. બીજે સ્થળે તે થઇ શકે નહિ. થયલો ઠરાવ યોગ્ય છે કે નહિ તેનો વિચાર કરવા જ્ઞાતિ મંડળ બારડોલીમાં ભેગું કરવા બારડોલીના અશેષ તૈયાર હતા, છતાં વ્યારામાં જ્ઞાતિ ભેગી થઇ અને બીજે સ્થળે જ્ઞાતિ ભેગી થવા વિચાર દર્શાવ્યા તે વ્યારાની ધારા બંધીની કલમ ૨૭ તથા માડવીની ધારા બંધીની કલમ [redacted]-૨૩ અને ૨૪ વિરૂધ્ધ છે.

૪ બારડોલીમાં થયલા ઠરાવ વખતે બધા ગામના પ્રતિનિધીઓ હાજર ન હતા. તે કારણથી [redacted]એ વટ પકડયો હોય તો તે પણ ધારાબંધી વિરૂધ્ધ છે. બધા ગામોની લખેલી સંમતિ મેળવ્યા પછી ઠરા[redacted] દિવસે પ્રતિનિધીઓ મોકલવા બારડોલીના અશેષે બધા ગામોને પત્રી લખી ખબર આપેલી. તે પરથી [redacted] ગામના પ્રતિનિધીઓ નહિ આવેલા તો પણ તેમની ગેરહાજરીમાં થયલો ઠરાવ તેમને પણ બંધન કાર[redacted], એમ માંડવીની ધારાબંધીની કલમ ૧માં ઠરેલું છે.

૫ સંવત ૧૯૬૬માં જ્ઞાતિએ બારડોલીમાં કરેલા ઠરાવ વિરૂધ્ધ તથા શાસ્ત્રની આજ્ઞા [redacted] તો પ્રાણુ-શંકરના કુટુંબને જ્ઞાતિમાં લેવા માટે બધા ગામે લખેલી સંમતિ બારડોલીના અશેષને આપ્યા[redacted]છી તે વચનોનો ભંગ કરી વિરૂધ્ધ ઠરાવ વ્યારા મુકામે થયો તે ન્યાય અને નીતિ વિરૂધ્ધ જ્ઞાતિના હિતને [redacted]ન કરતા છે.

૬ વ્યારાના અશેષે પોતા ચૈત્ર શુદ ૧૫ના પત્રમાં સ્પષ્ટ સંમતિ આપેલી છે છતાં, [redacted] શુદ ૧૪ના પત્રમાં તેઓ લખે છે કે અમારા ગામની પ્રથમથીજ સંમતિ હતી નહિ, એ વાત સત્યતા[redacted]રૂધ્ધ છે. જેઠ

શુદ ૫ ને રોજ વ્યારેથી મળેલા નનામા કાર્ડથી ચૈત્ર શુદ ૧૫ના પાઠકજીની સહીના પત્રમાં આપેલી સંમતિ રદ્દ થઇ શકતી નથી. એ મીતિએ પાઠકજી વ્યારે હતાજ નહિ પણ વાંસદે લગ્નમાં મહાલતા હતા. તેથી તે નનામોજ હતો એ નિશ્ચય છે.

૭ બધા ગામના અશેષની લખેલી સંમતિ આવેલી હતી છતાં વ્યારાના અશેષે લખ્યું કે બીજા ગામોની સંમતિ હતી નહિ. એમ કહેનાર કયા ગામ હતાં તે જાણવા સારૂં તેમના પત્રોની નકલ બારડોલીથી વ્યારાના અશેષ પાસે માંગવામાં આવી પણ તે નકલ આપવામાં આવી નથી, તે ન્યાયની પધ્ધતિ વિરૂધ્ધ થયું છે.

૮ વ્યારાનો ઠરાવ થતાં પેહેલાં વ્યારાના અશેષે બીજા ગામોએ લખ્યું કે વ્યારાની સંમતિ વિના તથા બધા ગામના પ્રતિનિધીઓની હાજરી વિના બારડોલીએ કરેલો ઠરાવ વાસ્તવિક નથી તેથી બારડોલી સાથે સપંક્તિવ્યવહાર બંધ કર્યો છે. એ અઘટિત માર્ગ વ્યારાએ પકડયો તેથી જ્ઞાતિમાં કલેશ ઉત્પન્ન થયો છે અને જ્ઞાતિધ્વંશ થયો છે.

૯ જ્ઞાતિ મેળાવડામાં બારે ગામ એકજ મીતિએ ભેગા થવાની પત્રી લખવાનો પરાપૂર્વનો ધારો અને સામાન્ય નિયમ અને વિવેક સર્વત્ર હોવા છતાં બારડોલીના અશેષને બે દિવસ મોડા તેડવામાં આવ્યા તે જ્ઞાતિના ધારા વિરૂદ્ધ મ્હોટો અવિવેક અને અઘટિત કાર્ય છે અને એમ કરી જ્ઞાતિમાં કુસંપ ઉત્પન્ન કર્યો છે તે ડાહ્યા પુરૂષોએ નાપસંદ કરવા જેવું છે.

૧૦ બધા ગામને ભેગા કર્યા વિના અને જ્ઞાતિની સંમતિ મેળવ્યા વિના ગામનાજ અશેષે પ્રાયશ્ચિત આપી પતિતને પાવન કર્યાના દાખલા અને રૂઢી જાણવી હોય તો કડોદ, પલસાણા અને બીજા ગામોના દાખલા આપણી નજર આગળ બનેલા છે.

આશા રાખવામાં આવે છે કે ઉપલા બધા મુદ્દાઓ શાંતિથી, ન્યાય અને વિવેક બુદ્ધિથી અને નિષ્પક્ષપાતપણાથી તપાસી જોવાથી આ સભા એવા નિર્ણય ઉપર આવશે કે બારડોલીએ કરેલો ઠરાવ ધર્મશાસ્ત્ર, જ્ઞાતિનો ધારાબંધી અને રૂઢીને અનુસરીને થયલો છે તે જ્ઞાતિએ માન્ય રાખવો જોઇએ.

એ પ્રમાણે નિર્ણય કરી જ્ઞાતિની તકરાર તાકીદે મટાડવાની ઘણી આવશ્યકતા છે; કેમકે એ કલેશ અને કુસંપને લીધે જ્ઞાતિમાં કરવા જોઈતા સુધારા અટકી પડયા છે. કુસંપ અને કલેશ જ્યાં સુધી મટે નહિ ત્યાં સુધી જ્ઞાતિની ઉન્નતિ થઈ શકે નહિ. એ સંબંધમાં ગયા માસના ઔદિચ્ય પ્રભાકરમાં મહાત્મા નથુરામ શર્માના બોધવચનો છપાયલાં છે તે દરેક જ્ઞાતિબંધુએ મનન કરવા યોગ્ય છે.

એ મહાત્મા કહે છે કે જે જ્ઞાતિમાં કુસંપનો વધારો હોય, ઘણાં માણસો ઇર્ષ્યાવાળાં હોય, મિથ્યાભિમાની અને અસત્યનો પક્ષપાત કરવાવાળાં હોય, ન્યાયને અનુસરીને વર્તવાના સ્વભાવવાળાં ન હોય, દુર્વ્યસન અને દુરાચાર સેવતાં હોય, સમર્થ પુરૂષોના યોગ્ય અભિપ્રાયને માન આપી તે પ્રમાણે નહિ વર્તતાં ખોટા મતનો દુરાગ્રહ કરી તે સત્ય ઠરાવવા પ્રયત્ન કરતાં હોય, નમ્રતા અને વિનયને તિલાંજલી આપવામાં આવતી હોય, મનોવિકારને વશ નહિ રાખનારાં હોય, સંકુચિત હ્રદયવાળાં અને સ્થૂળ બુદ્ધિવાળાં હોય, સત્ય ભાષણમાં અને પ્રમાણિકપણામાં આદર રાખનારાં ન હોય, અને શુધ્ધ વ્યવહારનું ને અશુધ્ધ વ્યવહારનું સત્ય સ્વરૂપ નહિ સમજી શાસ્ત્ર વિરૂધ્ધ ખોટી રૂઢીયોને દુરાગ્રહથી વળગી રહેનારાં અને સજ્જનોને શત્રુ માનનારાં હોય, તે જ્ઞાતિ ઉન્નતિ ક્યાંથી થાય ? અહો, આ કેવાં સત્ય, બોધદાયક પ્રૌઢ વચનો છે ! ધન્ય છે એ વચનો ઉચ્ચારનાર મહાત્માને. એ વચનો ધ્યાનમાં લઇ આપણા જ્ઞાતિબંધુઓ વર્તે તો જ્ઞાતિની ઉન્નતિ કેવી ઝડપથી ચાલે ? એ વચનોજ ધ્યાનમાં લઇ આ સભા કે આપણું જ્ઞાતિમંડળ આપણી તકરારનો નીકાલ કરે તો ઝટ કુસંપ મટી જાય અને હરહર મહાદેવ બોલી આખી જ્ઞાતિ તરતજ એકત્ર થઇ જાય અને બારે ગામે આનંદ પસરી રહે.

જ્ઞાતિઓની ઉપર પ્રમાણે સ્થિતિ છે અને જ્ઞાતિની તકરારોનો નિર્ણય ન્યાય, નિતિ અને ધર્મશાસ્ત્રોના ધારણ પ્રમાણે પક્ષપાત રહિત થતો નથી, પણ અરસપરસના ખાનગી દ્વેશ માટે તથા ખોટા વટ કેળવવા માટે થાય છે ને તેથી જ્ઞાતિમાં કુસંપ અને કલેશ ઉત્પન્ન થાય છે અને સામાજીક સુધારા થઇ શકતા નથી, એમ [illegible]ની જ્ઞાતિના ઠરાવ યોગ્ય છે કે નહિ તે ઠરાવવાનો અધિકાર દીવાની કોર્ટને આપવા નામદાર ગાયકવાડ સરકારે કાયદો બાંધવાનો વિચાર હાલમાં કર્યો છે. સંસારી બાબતમાં સરકારે હાથ ઘાલવો તે લોકોને પસંદ

નથી અને તેથી એ બાબતમાં પ્રજા તરફની ઘણી વિરૂદ્ધતા છે, તોપણ આપણી જ્ઞાતિની હાલ જે સ્થિતિ છે તે જોતાં જે જ્ઞાતીની એવી સ્થિતિ હોય તેને માટે ગાયકવાડ સરકારનો કાયદો કેટલો બધો જરૂરનો છે તે આપણે અનુભવ ઉપરથી કહી શકીએ છીએ. જ્ઞાતિની સભા તે ન્યાયની કોર્ટ છે. તે સર્વોપરી હાઇકોર્ટ છે. તે ઉપર અપીલ કોર્ટ પરલોકમાં છે પણ આ લોકમાં નથી. જ્ઞાતિની સભા તાકીદે બોલાવવા પ્રતિવાદી તેમજ બીજા સંબંધ રાખનારાઓ વારંવાર માગણી કરે પણ સભા એકત્ર મળે નહિ. એવી ન્યાયની કોર્ટમાં કેવા પ્રકારનો ઇનસાફ થાય તેનો ખ્યાલ સહેજ થઈ શકે એમ છે.

ચાલતો કુસંપ મટાડી ઐક્ય કરી આ મંડળે અને જ્ઞાતિએ કયા સુધારાના કામ તરત કરવાના છે તે વિષે સૂચના કરવાની રજા લઉં છઉં. પરિષદનું કર્તવ્ય જ્ઞાતિમાં સંપની અને કેળવણીની વૃદ્ધિ કરવાનું છે. તે સાથે સંસારી સુધારાના સંબંધમાં જ્ઞાતિ બંધુઓના વિચાર જમાનાને અનુસરીને કેળવવા એ પણ પરિષદનું એક કર્તવ્ય ગણવાનું છે. પરિષદના મેળાવડામાં એ પ્રમાણે અરસપરસ વિચારની આપલે થાય અને અનુભવનો મુકાબલો થાય તો પછી છેવટના વિચાર જ્ઞાતિમંડળમાં મંજુર કરાવવાનું કામ સેહેલું થાય છે. માટે સંસારી સુધારાના સંબંધમાં પણ આ મંડળે વિચાર દર્શાવવાના છે.

સંવત ૧૯૬૯માં બારડોલીમાં જ્ઞાતિ મેળાવડો થયો હતો ત્યારે બે અગત્યના સુધારા હાથપર લેવામાં આવ્યા હતા. શુકલ દક્ષણાની કોથળીની રીત કાહાડી નાખવી અને એકડાનો પ્રતિબંધ તોડી માહો માહેનો કન્યા વ્યવહાર સરળ કરવો. એ બે બાબત સંબંધી વિચાર ચલાવવામાં આવ્યો હતો. તેમાં કોથળી કહાડી નાખવાનો ઠરાવ થયો હતો અને તેનો અમલ પણ ઘણે ભાગે થયો છે. એ પ્રમાણે કોથળી તો મરણ પામી છે અને તેના જવાથી ઘણો કલેશ અને માથાકુટ મટી ગઇ છે, તોપણ તેનું મુડદું બે ગામે સાચવી રાખવામાં આવ્યું છે અને ત્યાં તેના ભાવિક ભક્તો તેની પૂજા કરે છે. વ્યારા અને વાલોડના આપણા બંધુઓ તેમાં પુણ્યનો મોક્ષ માર્ગ જોતા હોયતો ભલે, તેઓ તેમ કરે. પણ તેથી લગ્નમાં વરરાજાને હાથે શુકલોને દક્ષણા આપવામાં આવતી હતી અને વિદ્વાન શુકલ મંડળના આશિર્વાદ મળતા હતા તે શુભ મંગળમય ક્રિયા બંધ પડી છે અને દક્ષણાના રૂપીઆ ગામના પટેલ ગણી લે છે અને પાછળથી તેઓ વહેંચે છે, એ રીત પસંદ કરવા જેવી નથી, એમ વ્યારા અને વાલોડના આપણા બંધુઓને હવે સાત વર્ષના અનુભવ પછી ફરી વિચાર કર્યાથી જણાશે એવી આશા રાખવામાં આવે છે

એકડાનો પ્રતિબંધ કહાડી નાખવાના સંબંધમાં ૧૯૬૯ના સાલમાં ઠરાવ થઇ શકયો ન હતો. તેવો ઠરાવ કરવાને તે સમય અનુકુળ ન હતો, એમ તે પ્રસંગે એકડા કરનાર પક્ષનો અભિપ્રાય થયો હતો. તે વાતને સાત વર્ષ થઇ ગયાં છે. એ દરમ્યાન અધુરી રહેલી યોગ્યતા પ્રાપ્ત થઈ છે એમ માનીએ તો તે કંઇ ખોટું નથી. શુધર્મે વિશાળક્ષેત્રમાં કન્યા આપલે કરવામાં જોઇતું ધૈર્ય અને મનોબળ હવે આપણી જ્ઞાતિમાં સારી રીતે પસર્યું છે અને એકડાનો પ્રતિબંધ કહાડી નાખવાના લાભ બધા ભાઇઓ સમજ્યા છે, એમ માન-વામાં આવે છે. માટે એ સંબંધમાં પણ આ મંડળ વિચાર ચલાવશે એમ આશા રાખવામાં આવે છે.

આ સભાએ બીજો વિચાર વિદ્યા વૃદ્ધિ ફંડ સંબંધી કરવાનો છે. પણ જ્યાં સુધી જ્ઞાતિનું ઐક્ય નહિ થાય અને ફંડની વ્યવસ્થા કરવા યોગ્ય રીતે જ્ઞાતિની કમીટી નહિ નીમાય ત્યાં સુધી તેમાં પણ વિઘ્ન છે.

ઉપર જે કહ્યું તેનો ટુંકાણમાં સાર એ છે કે બારડોલીના અશેષે શાસ્ત્રની આજ્ઞા માન્ય રાખી છે અને તેને અનુસરીને શાસ્ત્ર વિધાનોક્ત કર્મ અને ઠરાવ કર્યો છે, અને બીજા ગામોના જ્ઞાતિબંધુઓને સ્નેહ પૂર્વક આગ્રહ કરે છે કે તેમણે પણ શાસ્ત્ર વિધિનો ત્યાગ ન કરતાં શાસ્ત્ર પ્રમાણ પ્રમાણેજ કાર્યવ્યવસ્થા કરવી જોઇએ. તેમાંજ જ્ઞાતિનું કલ્યાણ અને ઉન્નતિ છે. એ સંબંધમાં શ્રી કૃષ્ણ ભગવાને ગીતાજીમાં ઉપદેશ કર્યો છે કે,—

यः शास्त्रविधि मुत्सृज्य वर्तते काम कारतः ।
न स सिद्धि मवाप्नोति न सुखं न परांगतिम् ॥
तस्माच्छास्त्रं प्रमाणं ते कार्या कार्ये व्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्र विधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

એ ઉત્તમ ગીતા વચનનો ભાવાર્થ એવો છે કે શાસ્ત્ર વિધિનો ત્યાગ કર્યાથી સુખ અને ઉત્તમગતિ પ્રાપ્ત થઇ શકતી નથી. માટે શાસ્ત્ર પ્રમાણુ માન્ય રાખી શાસ્ત્ર વિધાનોક્ત કર્મ અવશ્ય કરવું જોઇએ. એ સંબંધમાં મનુસ્મૃતિમાં મનુ મહારાજે કહેલું છે કે,

योऽवमन्येत ते मूले हेतु शास्त्राश्रयाद् द्विजः ।
स साधुभिर्बहिष्कार्यो नास्तिको वेद निंदकः ॥

એનો અર્થ એવો છે કે જે દ્વિજ શ્રુતિ અને સ્મૃતિની અવગણના કરે છે, તેને નાસ્તિક અને વેદ નિંદકર ગણીને સજ્જનોએ તેનો બહિષ્કાર કરવો. ઉપરના ગીતા વચન અને મનુ મહારાજની આજ્ઞા પ્રમાણે શાસ્ત્રોને અનુસરીને તકરારી બાબતમાં બારડોલીના અશેષે ઠરાવ કર્યો છે તે માન્ય રાખવો જોઇએ. આપણી બ્રાહ્મણ જેવી ઉંચ જ્ઞાતિ શાસ્ત્રની આજ્ઞા માન્ય ન રાખે તો બ્રહ્મત્વ કમી થાય અને અન્ય વર્ણો બ્રાહ્મણ તરફ પુજ્ય ભાવ રાખે નહિ. તેમ થવાથી અનિષ્ટ પરિણામ નીપજે તે ધ્યાનમાં રાખવાનું છે.

બારા મુકામે જ્ઞાતિ યજ્ઞનો પ્રારંભ થયો. તે યજ્ઞમાં આજ્ય અને ચરૂની આહુતીઓ ઘણી પડી છે. ઘી અને તલ પ્રમાણ કરતાં વધારે હોમાયાં છે. તેથી અગ્નિ દેવતા કોપાયમાન થઇ જ્વાળા યજ્ઞ મંડપ સુધી પહોંચી છે. હવે ઘી અને તલની આહુતી આપવાની નથી, પણ ઋત્વિજ અને અધ્વર્યુઓએ દુધ અને દહીંની આહુતી આપવાની છે, કે જેથી અગ્નિ દેવતા શાંત અને પ્રસન્ન થાય અને જ્ઞાતિ ઉન્નતિનું કાર્ય આગળ વધે.

હવે મારૂં ભાષણ સમાપ્ત કરૂં છું, પણ તે પહેલા એક ઘણુંજ રહસ્યનું ભરેલું, બોધદાયક અને કલ્યાણકારી શ્રુતિ વચન છે તે ઉપર આ સભાનું ધ્યાન ખેંચું છું. ઋગ્વેદ શ્રુતિમાં કહ્યું છે કે,

संगच्छध्वं संवदध्वं संवो मनांसि जानताम् ।
देवा भागं यथापूर्वे संजानाना उपासते ॥
समानो मंत्रः समितिः समानी समानं मनः सहचित्त मेषाम् ।
समानं मंत्रमभिमंत्रयेवः समानेन वो हविषां जुहोमि ॥

એ શ્રુતિમાં ઇશ્વર મનુષ્યોને ઉપદેશ કરે છે કે સત્ય વાત ગ્રહણ કરી, વૈરભાવ મુકી દઇ, પક્ષપાત રહિત થઇ એકઠા મળો, વિરૂદ્ધવાદ છોડી દો, પ્રીતિપૂર્વક સંવાદ કરો, યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી આનંદમાં રહો અને પૂર્વના દેવોની પેઠે તમે પણ સત્ય ધર્મનું આચરણ કરો. સત્યાસત્ય તપાસી તમારા વિચારોનું ઐક્ય કરો, તમારી સામાજીક વ્યવસ્થા સર્વને સરખી રીતે ન્યાય પૂર્વક સુખ કરતા થાય એવી કરો, એકમત થાઓ, સર્વ પ્રાણિઓના સુખનું ચિંતન કરો અને તમારૂં સર્વ સામર્થ્ય એક બીજાના સુખ અને ઉપકાર માટે વાપરો. એ સત્ય ધર્મની આજ્ઞા સમાન રીતે જણાવી છે તે પ્રમાણે વર્તો અને સર્વ જીવો પ્રતિ સર્વાત્મભાવ રાખો.

પરમેશ્વરની આ હિતકારી આજ્ઞા સર્વ જ્ઞાતિબંધુઓના હૃદયમાં ઠસે, એવી પરમાત્માની પ્રાર્થના કરૂં છું. તે સાથે એવું ઇચ્છું છું કે યુરોપમાં જે ભયંકર દારૂણ યુદ્ધ ચાલે છે, તેમાં બ્રીટીશ અને મિત્ર રાજ્યોનો જય થાય. એ યુદ્ધમાં ભાગ લેવા હિંદના લશ્કરને તક આપવામાં આવી, નાણાની મદદ કરવાની તક રૈયતને આપવામાં આવી, ભારત રક્ષણ સૈન્યમાં દાખલ થવાની હિંદીઓને પરવાનગી આપી, અને લડાઇની કોન્ફરન્સમાં હિંદુસ્થાનના પ્રતિનિધિઓ દાખલ કરી સામ્રાજ્યમાં હિંદુસ્થાનનો દરજ્જો વધારવામાં આવ્યો એ બધી કૃપા માટે આ સભાએ બ્રીટીશ રાજ્યનો આભાર માનવો જોઇએ.

બારડોલી
વૈશાખ વદ ૬
સંવત ૧૯૭૪

વજેરામ હરિનારાયણ વ્યાસ.
સ્વાગત મંડળના અધ્યક્ષ.

છપાવી પ્રસિદ્ધ કરનાર **વજેરામ હરિનારાયણ વ્યાસ—બારડોલી.**

સુરત ચૌટાના પૂલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રિન્ટીંગ પ્રેસમાં ઠાકોરદાસ માનસીંહે છાપ્યું.